# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

SGCCI

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/87 Dt. 31/08/2026

તંત્રીશ્રી, _________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા 'ગુણવત્તાયુક્ત શિક્ષણ અને અસરકારક અભ્યાસક્રમ અમલીકરણ' વિષય પર વિશેષ સેશન યોજાયું

### માત્ર પુસ્તકથી જ્ઞાન નથી મળતું; પ્રેક્ટિકલ, ફિઝિકલ અને પુસ્તકીય જ્ઞાનના સમન્વયથી માનવજીવનનું રચનાત્મક ઘડતર થાય છે: ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

### શિક્ષણની ગુણવત્તા શાળાની ચાર દીવાલોમાં નહીં, વિદ્યાર્થીના વિચાર, વર્તન અને કાર્યક્ષમતામાં પ્રતિબિંબિત થાય છે: સુરતના ડીઈઓ ડૉ. ભગીરથસિંહ પરમાર

**સુરતમાં 'શિક્ષણ મહાકુંભ' અને ગણિત-વિજ્ઞાનના 800 જેટલા વર્કિંગ મોડેલ્સનું પ્રદર્શન યોજાશે: ડૉ. ભગીરથસિંહ પરમાર**

**કોમર્સમાં મેથેમેટિક્સનો વિકલ્પ ઉપલબ્ધ કરાવાશે; ડુમસ ખાતે 2 લાખ વિદ્યાર્થીઓ માટે ભવ્ય 'એર શો'નું આયોજન પ્રસ્તાવિત: ડૉ. ભગીરથસિંહ પરમાર**

**શિક્ષણમાં સુવિધા કે ઇન્ફ્રાસ્ટ્રક્ચર કરતાં શિક્ષકની નિષ્ઠા વધુ મહત્વની છે: ડૉ. દીપક રાજ્યગુરુ**

સુરત, 26 ઓગસ્ટ 2026

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા સરસાણા સ્થિત ઉષાકાંત મારફતિયા હોલ ખાતે 'ગુણવત્તાયુક્ત શિક્ષણ અને અસરકારક અભ્યાસક્રમ અમલીકરણ' વિષય પર વિશેષ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત જિલ્લા શિક્ષણાધિકારી (ડીઈઓ) ડૉ. ભગીરથસિંહ પરમાર મુખ્ય અતિથિ તરીકે તેમજ પ્રાઇવેટ સ્કૂલ એન્ડ ચિલ્ડ્રન વેલ્ફેર એસોસિએશનના જનરલ સેક્રેટરી અને ગુજરાત ફેડરેશન ઓફ સેલ્ફ ફાયનાન્સ સ્કૂલ મેનેજમેન્ટના અગ્રણી ડૉ. દીપક રાજ્યગુરુ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

## સુરત શિક્ષણ ક્ષેત્રે પણ વિશ્વમાં ડંકો વગાડે: અશોક જીરાવાલા

ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, "માત્ર પુસ્તકો વાંચવાથી સંપૂર્ણ જ્ઞાન નથી મળતું. પ્રેક્ટિકલ, ફિઝિકલ અને પુસ્તકીય જ્ઞાનના સમન્વયથી જ એક આદર્શ માનવજીવનનું નિર્માણ થાય છે. સુરત માત્ર ઉદ્યોગોની જ નહીં, પરંતુ યુગપ્રવર્તક કવિ નર્મદની ભૂમિ છે. સુરત જો ડાયમંડ, ટેક્સટાઇલ, સોલર અને વિવિધ ક્ષેત્રે વૈશ્વિક સ્તરે ચમકતું રહેતું હોય, તો શિક્ષણ ક્ષેત્રે પણ સુરતે દેશ અને દુનિયામાં અગ્રેસર સ્થાન હાંસલ કરવું જોઇએ."

## ગોખણપટ્ટી છોડી તાર્કિક વિચારસરણી કેળવવી જરૂરી: ડૉ. ભગીરથસિંહ પરમાર

સુરત જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. ભગીરથસિંહ પરમારે જણાવ્યું હતું કે, "શિક્ષણની ખરી ગુણવત્તા શાળાના વર્ગખંડની ચાર દીવાલો સુધી સીમિત નથી, પરંતુ શાળા પૂર્ણ કર્યા બાદ બાળકના વિચારો, તેનું વર્તન અને સમાજમાં તેની કાર્યક્ષમતામાં જોવા મળે છે. વિદ્યાર્થીઓ માત્ર ગોખણપટ્ટી કરવાને બદલે પ્રશ્નો પૂછતા થાય અને તેમનામાં ક્રિટિકલ થિંકિંગ (તાર્કિક વિચારસરણી) ખીલે તેવા વર્ગખંડનું વાતાવરણ ઊભું કરવું અનિવાર્ય છે. સુરત જિલ્લામાં 90% કરતાં વધુ ગુણ મેળવનારા 9,000થી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓ છે, જે સુરતની શૈક્ષણિક ક્ષમતા દર્શાવે છે."

## ડૉ. ભગીરથસિંહ પરમારે જાહેર કરેલ મહત્વપૂર્ણ શૈક્ષણિક આયોજનો:

સુરત જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. ભગીરથસિંહ પરમારે જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે લેવાયેલા નવતર નિર્ણયો અને આગામી આયોજનો અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે:

- **શિક્ષણ મહાકુંભ (એજ્યુકેશન એક્સ્પો):** આગામી ડિસેમ્બર મહિનામાં સુરત ખાતે રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરની યુનિવર્સિટીઓ, અગ્રણી શાળાઓ અને આધુનિક શિક્ષણ પદ્ધતિઓને આવરી લેતો ભવ્ય 'શિક્ષણ મહાકુંભ' યોજવામાં આવશે.

- **ગણિત-વિજ્ઞાન મૉડલ પ્રદર્શન:** પ્રાયોગિક શિક્ષણને પ્રોત્સાહન આપવા વર્ગખંડમાં ઉપયોગી થઇ શકે તેવા ગણિતના 700થી 800 વર્કિંગ મોડેલ્સ અને પ્રી-સ્કૂલ શિક્ષણ માટેના 400થી 500 સાધનોનું સુરતમાં ભવ્ય પ્રદર્શન યોજાશે.

- **કોમર્સમાં મેથેમેટિક્સનો વિકલ્પ:** આગામી શૈક્ષણિક વર્ષથી ગુજરાત બોર્ડના વાણિજ્ય પ્રવાહ (કોમર્સ)ના વિદ્યાર્થીઓ માટે ગણિત (મેથેમેટિક્સ) વિષય પસંદ કરવાનો વિકલ્પ આપવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે.

- **ડુમસ ખાતે ભવ્ય 'એર શૉ':** સુરતના 1થી 2 લાખ વિદ્યાર્થીઓ માટે ડુમસ ખાતે અંદાજે ₹70 લાખના ખર્ચે ભવ્ય 'એર શૉ'નું આયોજન પ્રસ્તાવિત કરાયું છે.

- **નવતર શૈક્ષણિક અભિગમ:** સેલ્ફ-ફાયનાન્સ શાળાઓમાં વોકેશનલ વિષયો, કે.આર. શ્રોફ ફાઉન્ડેશન અને ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટીના સહયોગથી પ્રી-સ્કૂલ શિક્ષકોની સ્પેશિયલ ટ્રેનિંગ તેમજ ગુજરાતી માધ્યમમાં ગણિત-વિજ્ઞાન અંગ્રેજીમાં ભણાવવાની પદ્ધતિ (ગ્લોબલ મીડિયમ) સફળતાપૂર્વક લાગુ કરવામાં સુરત સમગ્ર ગુજરાતમાં એકમાત્ર અગ્રેસર કેન્દ્ર બન્યું છે.

**કૌશલ્યલક્ષી અને સર્વસમાવેશી શિક્ષણ સમયની માગ: ડૉ. દીપક રાજ્યગુરુ**

ડૉ. દીપક રાજ્યગુરુએ જણાવ્યું હતું કે, "શિક્ષણ ક્ષેત્રમાં ભૌતિક સુવિધા કે ઇન્ફ્રાસ્ટ્રક્ચર કરતાં શિક્ષકની નિષ્ઠા અને સમર્પણ વધુ મહત્વના છે. ગુણોમાં વૃદ્ધિ કરવી એ જ સાચી ગુણવત્તા છે. સુરત આજે સમગ્ર રાજ્યમાં શ્રેષ્ઠ બોર્ડ પરિણામો મેળવી રહ્યું છે તે ગૌરવની બાબત છે." તેમણે શિક્ષણને ઉદ્યોગ જગતની જરૂરિયાતો સાથે જોડીને આગામી 10 વર્ષના વિઝન સાથે કૌશલ્યલક્ષી શિક્ષણ અને સર્વસમાવેશી શિક્ષણ આપવા પર ભાર મૂક્યો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં ચેમ્બરની એજ્યુકેશન એન્ડ એકેડેમિક કમિટીના ચેરપર્સન ડૉ. મોનિકા શર્મા અને કો-ચેરપર્સન ડૉ. અંકિતા રાજ્યગુરુએ વક્તાઓનો પરિચય કરાવ્યો હતો. સમગ્ર સત્રનું સંચાલન અને આભારવિધિ કમિટીનાં કો-ચેરપર્સન સુશ્રી સ્નેહાબેન જરીવાલા દ્વારા કરવામાં આવી હતી.